અપીલ અરજી નં.૬૭ તા.૧૨–૬–૦૯/૧૦

અરજદારઃ– શ્રી વિઠ્ઠલભાઈ સેનુભાઈ પાનપાટીલ

સામાવાળાઃ– ઝોનલચીફ જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

## *ફરીયાદની હકીકતઃ–*

***વિષયઃ***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિઠ્ઠલભાઈ સેનુભાઈ પાનપાટીલની તા.૨૩–૪–૦૯ ની અરજીથી ઈસ્ટઝોનમાં આવેલ લંબે હનુમાન રોડ પરની દલીત વસાહતમાંથી શ્રી બાબુભાઈ ગવઈ તેમજ અરજદારના વારસદારોના નામ સીધારવેરામાં દાખલ કરવા માટે અરજી આપેલ. તેની કાર્યવાહી કયારે કરવામાં આવશે? અને સબંધીત અધિકારી/કર્મચારને જરૂરી શિક્ષા કયારે કરવામાં આવશે તેવી માહિતી તથા શ્રી બાબુભાઈ ગવઈ અને અરજદાર અરજી સાથેના ડોકયુમેન્ટની ઝેરોક્ષ કોપીની વિગેરે મુદ્દા નં.૧ થી ૨ અંગેની માહિતી આપવા બાબત.

***સંદર્ભ*** :–અરજદાર મજકુરની તા.૧૨–૬–'૦૯ ની અપીલ અરજી નં.૬૭/૨૦૦૯–૧૦

શ્રી વિઠ્ઠલભાઈ સેનુભાઈ પાનપાટીલની તા.૨૩–૪–૦૯ ની અરજીથી ઈસ્ટઝોનમાં આવેલ લંબે હનુમાન રોડ પરની દલીત વસાહતમાંથી શ્રી બાબુભાઈ ગવઈ તેમજ અરજદારના વારસદારોના નામ સીધારવેરામાં દાખલ કરવા માટે અરજી આપેલ. તેની કાર્યવાહી કયારે કરવામાં આવશે? અને સબંધીત અધિકારી/કર્મચારીને જરૂરી શિક્ષા કયારે કરવામાં આવશે તેવી માહિતી તથા શ્રી બાબુભાઈ ગવઈ અને અરજદાર અરજી સાથેના ડોકયુમેન્ટની ઝેરોક્ષ કોપીની વિગેરે મુદ્દા નં.૧ થી ૨ અંગેની માહિતી આપવા બાબતે મુદ્દા નં.૧ ની અધૂરી વિગત તથા મુદ્દા નં.૨ ની ખોટી હકીકત જણાવ્યાની રજૂઆત કરી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૨–૬–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા આરટીઆઈ સેલ/૨૮૯ તા.૧૯–૬–૦૯ થી ઝોનલચીફ જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) તથા અરજદારને અરજીમાં જણાવ્યા અનુસારના બીડાણના મુદ્દા નં.૫ તા.૧૯–૧૦–૦૬ની વિજયકુમાર વિઠ્ઠલદાસ પાટીલની અરજીની નકલ સામેલ કરેલ ન હોઈ તે અંગે તેમજ મુદ્દા નં.૧ ની અધૂરી તથા મુદ્દા નં. ૨ ની ખોટી હકીકત અંગે આધાર રજૂ કરવા જણાવેલ. જેના અનુસંધાને ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં./૩૦ તા.૨૯–૬–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જયારે અરજદાર તરફથી અપીલ સાથે રજૂ કરેલ બીડાણ મુજબ અરજદારની તા.૧૯–૧૦–૦૬ની વિજયકુમાર વિઠ્ઠલદાસ પાટીલની મુળ અરજી તથા અધૂરી માહિતી તથા મુદ્દા નં.૨ ની ખોટી હકીકત બાબતે આધાર રજૂ કરવા અપીલ તબકકે તક આપવા છતાં અરજદાર તરફથી કોઈ વધારાના પુરાવા કે બાબુભાઈ ગવઈ સહિતના અરજદારોએ રજૂ કરેલ મુળ અરજીની વિગતો રજૂ કરેલ નથી. પરંતુ અપીલ અરજી સાથે વરાછાઝોન ખાતે વિજયકુમાર પાનપાટીલ તથા આધારકુમાર પાનપાટીલના નામે અનુક્રમે કોમ્પ્યુટર અરજી નં.૫૦૦ /૨૪૦૨૬ તથા ૨૪૦૨૭ તા.૧૯–૧૦–૦૬ ની નકલો જે નિર્દિષ્ટ નામ કરતાં અલગ છે તે રજૂ કરેલ છે.પરંતુ અરજદાર તા.૬–૭–૦૯ ના પત્રથી પૂરક વિગતોમાં જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૫૭૨ તા.૮–૫–૦૮ થી અરજદાર શ્રી પાનપાટીલને આરટીઆઈ હેઠળ તા.૯–૪–૦૮ ની અરજીના અનુસંધાને આપવામાં આવેલી માહિતી પત્રની નકલ રજૂ કરેલ છે જેમાં જાહેર માહિતી અધિકારી ધ્વારા " દલિત વસાહતમાંથી બાબુભાઈ ગવઈ તેમજ વિઠ્ઠલભાઈ પાનપાટીલના વારસદારો સીધાવેરામાં નામો દાખલ કરવા માટે સ્લમ વિસ્તારમાં વસવાટ કર્તાઓના બાયોમેટ્રીક સર્વેની કામગીરી પૂર્ણ થયા બાદ અરજી બાબતે કાર્યવાહી કરવામાં આવશે." તેવું જણાવવામાં આવેલ છે તે પત્રની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૨૩–૪–૦૯ ની અરજીથી ઈસ્ટઝોનમાં આવેલ લંબે હનુમાન રોડ પરની દલીત વસાહતમાંથી શ્રી બાબુભાઈ ગવઈ તેમજ અરજદારના વારસદારોના નામ સીધારવેરામાં દાખલ કરવા માટે અરજી આપેલ. તેની કાર્યવાહી કયારે કરવામાં આવશે? અને સબંધીત અધિકારી/કર્મચારીને જરૂરી શિક્ષા કયારે કરવામાં આવશે? તેવી માહિતી તથા શ્રી બાબુભાઈ ગવઈ અને અરજદાર અરજી સાથેના ડોકયુમેન્ટની ઝેરોક્ષ કોપીની વિગેરેની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નં.ઈ.ઝેડ/આરટીઆઈ/૩૦ તા.૮–૫–૦૯ થી અરજદારને આપવામાં આવેલ માહિતીની નકલ અત્રે રજૂ કરેલ છે. જેમાં મુદ્દા નં.૧ અંગે બાબુભાઈ નથ્થુભાઈ ગવઈ તેમજ વિઠ્ઠલભાઈ સેનુભાઈ પાટીલનાઓ તરફથી પોતાના નામો સીધાવેરામાં નામ દાખલ કરવા માટે ઈસ્ટઝોનમાં તા.૧૯–૧૦–૦૬ ના રોજ માહિતી અધિકારી મારફતે માર્ગદર્શન પ્રમાણે તમામ જરૂરી કાર્યવાહી કરી સ્પેમ્પ પેપર ઉપર સોંગધનામું કરી અરજી આપેલ છતાં અરજીમાં માંગ્યા મુજબની કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. અને કર્મચારીઓને શિક્ષા કયારે થશે તેવી માહિતી માંગવામાં આવેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારોની મિલ્કત લોકેશન–૯૧ ઝુંપડપટ્ટી વિસ્તારમાં આવતી હોય પ્રવર્તમાન પ્રથા અનુસાર ઝુંપડપટ્ટી વિસ્તારમાં સુધારા વધારા કરવાનું કામ બંધ કરવામાં આવેલ છે. તથા મુદ્દા નં.૨ માં બંને વ્યકિતઓની અરજીઓ તેમજ તેમના સામે ડોકયુમેન્ટના ઝેરોક્ષની માંગણી કરેલ છે જેનો જાહેર માહિતી અધિકારી તરફથી બંને અરજદારની અરજીઓ અત્રેના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. જેના અનુસંધાને અરજદારે અપીલ કરી મુદ્દા નં.૧ અંગે અધૂરી વિગત આપ્યાનું જણાવેલ છે. જે હકીકત જોતાં બંને અરજદારોની અરજી રેકર્ડ ઉપર ઉપલબ્ધ નહીં હોવાનો જાહેર માહિતી અધિકારીનો માહિતી પત્ર તેમના જ તા.૮–૫–૦૮ ના પત્ર

સાથે વિરોધાભાસી હોય મુદ્દા નં.ર બાબતે ખોટી માહિતી આપ્યાનો અરજદારનો દાવો યથાર્થ ઠરે.જયારે મુદ્દા નં.૧ અંગે જાહેર માહિતી અધિકારીએ " પ્રથા અનુસાર કામ બંધ કરવામાં આવેલ હોવાનો" પ્રત્યુત્તર ધ્યાને લેતાં આરટીઆઈની કલમ–૪(૧) (સી) તથા (ડી) ની જોગવાઈ અનુસાર જનતાને અસરકર્તા નિર્ણયો કે નીતિ ઘડતર સમયે આનુષાંગિક હકીકત પ્રસિધ્ધ કરવાની તથા અસરકર્તા વ્યકિતઓને વહીવટી અને અર્ધ ન્યાયિક નિર્ણયના કારણો આપવાની જોગવાઈ ધ્યાને લેતાં આપવામાં આવેલી માહિતી પૂર્ણ ગણાય નહીં.

## *હુકમ*

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.ર૩–૪–૦૯ ની અરજી પૈકી મુદ્દા નં.૧ અંગે સુધારા વધારા કરવાનું કામ બંધ કરવામાં આવેલ હોવા બાબતે સક્ષમ સત્તાના લેવાયેલા નિર્ણયની નકલ તથા મુદ્દા નં. બાબતે જાહેર માહિતી અધિકારીઓ તા.૮–૫–૦૮ નો પત્ર ધ્યાને લેતાં શ્રી ગવઈ તથા શ્રી પાનપાટીલે રજૂ કરેલ અરજીઓની નકલોની માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ઝોનલચીફ જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૭ –૦૯

ડે.*કમિશ્નર(જનરલ),*
અ*ને એપેલેટ ઓફિસર*
*સુરત મહાનગર પાલિકા*

***પ્રતિ***
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી,(વરાછાઝોન) ..... જાણ તથા અમલ માટે
(ર) શ્રી વિઠ્ઠલભાઈ સેનુભાઈ પાનપાટીલ,